વિવાદાસ્પદ દાવાની ચુકવણી કરવા બાબતની જોગવાઈ.

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર નંબર :- હિતિનિ/ટીસી/ફા.નં..૧૨૬ - ૧૨૭૦**
**તારીખ :-૧૯-૩-૨૦૦૮.**
૩૧

**:: પરિપત્ર નંબર : ૧૦/૨૦૦૮**

અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે, કેટલાંક જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ તરફથી વિવાદાસ્પદ દાવાના કિસ્સામાં જ્યાં અર્થઘટન અંગેની પ્રશ્ન ઉપસ્થિત થાય યા કોઈ સ્પષ્ટતાની આવશ્યકતા હોઈ, તેવા કિસ્સામાં આવા દાવા અત્રેની કચેરીને માર્ગદર્શન માટે મોકલી આપે છે. આવા કિસ્સામાં નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

❖ ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૬૮ ની જોગવાઈ મુજબ જે કિસ્સામાં દાવો દેખીતી રીતે જ વિવાદાસ્પદ હોય તેવા કિસ્સામાં દાવેદારને તેમની કચેરી મારફતે સરકારશ્રીમાં રજુઆત કરવા સુચવવું જોઈએ. નિયમ-૬૮ નીચે મુજબ છે.

<u>નિયમ-૬૮</u>

તિજોરી અધિકારીએ પોતાને વિવાદાસ્પદ જણાતી માંગણી સ્વીકારવી નહિ. આવી માંગણી કરનારને તે ખાતાના સંબંધિત જિલ્લા અધિકારી મારફત તે માંગણી સરકારને મોકલવા જણાવવું

<u>નોંધ :-</u> સરકાર એટલે આ નિયમ હેઠળ જેને સત્તા અપાઈ હોય તે સત્તાધિકારી પણ ખરા.

❖ જે કિસ્સામાં દેખીતી રીતે અર્થઘટન બાબતે કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો તેવા કિસ્સા લાગુ પડતા નિયમોની વિવિધ જોગવાઈઓ તથા પોતાના સ્પષ્ટ અભિપ્રાય, ટીકાટીપ્પણ સાથે અત્રે માર્ગદર્શન માટે મોકલવા નોંધ લેવી.

❖ આ સુચનાઓનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

**નિયામક** ૭/૩

પ્રતિ,
(૧) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ........................ (તમામ)
(૨) તિજોરી અધિકારીશ્રી(પેન્શન), પેન્શન ચુકવણાં કચેરી, અમદાવાદ.